અપીલ અરજી નં.૩૪૪ તા.૧૫–૧–૦૯/૧૦

અરજદારઃ– શ્રી અરૂણ બાબુરાવ કોષ્ટી
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી અરૂણ બાબુરાવ કોષ્ટીની તા.૨૬–૧૦–૦૯ ની અરજીથી કર્મયોગી કો.ઓ.હા.સો. પ્લોટ નં.૧૨૦ નાં રેવન્યુ સર્વે નં.૨૩૯ પૈકી પ્લોટ નં.૬૧ ,૬૨ સહયોગ એપાર્ટમેન્ટની (૧) પ્લાન પાસ થયેલાની જે તે વર્ષ ની નકલ (૨) નળ કનેકશન આપેલાની વિગત આધાર પુરાવા (૩) મીલ્કતનાં જુના તથા નવા દસ્તાવેજ પુરાવાઓ વાંધાઓ નોંધ અને વખતો વખતનાં સુધારાની તમામ નકલોની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૫–૧–૧૦ ની અપીલ અરજી નં.૩૪૪/૨૦૦૯–૧૦

શ્રી અરૂણ બાબુરાવ કોષ્ટીની તા.૨૬–૧૦–૦૯ ની અરજીથી કર્મયોગી કો.ઓ.હા.સો. પ્લોટ નં.૧૨૦ નાં રેવન્યુ સર્વે નં.૨૩૯ પૈકી પ્લોટ નં.૬૧,૬૨ સહયોગ એપાર્ટમેન્ટની (૧) પ્લાન પાસ થયેલાની જે તે વર્ષ ની નકલ (૨) નળ કનેકશન આપેલાની વિગત આધાર પુરાવા (૩) મીલ્કતનાં જુના તથા નવા દસ્તાવેજ પુરાવાઓ વાંધાઓ નોંધ અને વખતો વખતનાં સુધારાની તમામ નકલોની માહિતી આપવા બાબતે દસ્તાવેજી નકલના નાણાં ભરેલ હોવા છતા માહિતી મળેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૫–૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૯૧ તા.૨૨–૧–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં જાહેર માહિતી અધિકારીના તા.૭–૧૧–૦૯ ના પત્ર મુજબ ફી ભરી માહિતી લીધેલ છે કે કેમ? મેળવેલ હોય તો કયારે? તથા દિન–૩૦ ની અપીલ અવધિ જળવાય છે કે કેમ? સમાધાનકારી જવાબ કઈ બાબત કઈ અરજી અંગે નથી વિગેરે બાબતે સ્પષ્ટતા કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે તા.૩૦–૧–૧૦ ના રોજ આપેલ વિગતોમાં સદર અરજીની માહિતી તા.૧૫–૧૨–૦૯ ના રોજ પત્ર નં.૫૪૫૪ થી મળેલ છે. સમાધારકારીનો અર્થ માહિતી ખોટી મળવા બાબતે કરેલ છે. અપીલ અરજી તા.૨૬–૧૦–૦૯ ની અરજી બાબતેની છે. અપીલના આધારમાં નળ કનેકશનની કોઈ માહિતી મળેલ નથી મિલ્કત દસ્તાવેજના પુરાવા મળેલ નથી તથા તા.૨૬–૧૦–૦૯ મુજબ માહિતી આપેલ નથી તેવું જણાવતો પત્ર આપેલ છે. તેની સાથે તા.૨૬–૧૦–૦૯ ના રોજ રસીદ નં.૭૫૭૭૭ થી ૭૫૭૮૪ કુલ ૮ અરજી આરટીઆઈ હેઠળ કરેલ છે. જેની નકલ અરજદારે રજૂ કરેલ છે. તથા તેની સાથે માહિતી આયોગના તા.૨૭–૧–૧૦ ના હુકમની નકલ પણ રજૂ કરેલ છે. જેમાં અરજદારે પ્રથમ અપીલ આયોગને કરતાં આયોગ ધ્વારા સદર હુકમને પ્રથમ અપીલ તરીકે ગણી નિકાલ કરવા આદેશ આપેલ છે.

અરજદારે તા.૨૬–૧૦–૦૯ પૈકી રસીદ નં.૭૫૭૭૯ અરજી ફી ભરપાઈ કરેલી આરટીઆઈ હેઠળની અરજીમાં કર્મયોગી કો.ઓ.હા.સો. લિ. પ્લોટ નં.૧૨૦ રે.સ. નં.૨૩૯ પૈકી પ્લોટ નં.૬૧,૬૨ સહયોગ એપાર્ટમેન્ટની (૧) પ્લાન પાસ થયેલાની જે તે વર્ષ ની નકલ (૨) નળ કનેકશન આપેલાની વિગત આધાર પુરાવા (૩) મિલ્કતનાં જુના તથા નવા દસ્તાવેજ પુરાવાઓ વાંધાઓ નોંધ અને વખતો વખતનાં સુધારાની તમામ નકલોની માહિતી આપવા બાબતે કરેલી અરજી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નં.સા.ઝોન/ટેક/આ.નં.૪૬૧૧ તા.૭–૧૧–૦૯ ના રોજ પાના નંગ–૪૦ પ્રતિ રૂા.૨/– લેખે કુલ્લે રૂા.૮૦/– ભરપાઈ કરી માહિતી મેળવવા જણાવવામાં આવેલ. જે અંગે અરજદારે તા.૧૧–૧૧–૦૯ ના રોજ રૂા.૮૦/– ભરપાઈ કરેલ છે. જે અંગે અરજદારે પૂરી પાડેલ પૂરક વિગતોમાં તા.૧૫–૧૨–૦૯ ના રોજ પત્ર નં.૫૪૫૪ થી માહિતી મેળવેલ જણાય છે. જેના અનુસંધાને અરજદારે તા.૧૫–૧–૧૦ ના રોજ માહિતી મળેલ નથી તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. તા.૫–૧૨–૦૯ આઈ ડી નં.૪૪૯ બાબતે અલાયદી અપીલ અરજી કરેલ છે.વધુમાં અરજદારે આપેલ પૂરક વિગતોમાં ૧. તા.૨૬–૧૦–૦૯ ની માંગ્યા મુજબની માહિતી મળેલ નથી. ૨. નળ કનેકશનની કોઈ માહિતી મળેલ નથી. ૩. મિલ્કતના દસ્તાવેજી પુરાવાઓના વાંધાઓ મળેલ નથી તેવી રજૂઆત કરેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી. તેમજ અરજદારને આપેલી માહિતી અંગેની કોઈ વિગતો અત્રેના વિભાગને મળેલ નથી. અરજદારે પણ અપીલ તબકકે મળેલી માહિતીની વિગતો જણાવેલ છે પરંતુ તેની કોઈ નકલો રજૂ કરેલ નથી.અરજદારે મેળવેલ માહિતીની વિગતો જોતાં અરજદારને અરજીમાં માંગ્યા મુજબની માહિતી , નળ કનેકશનો અને દસ્તાવેજી પુરાવાના વાંધાઓની માહિતીની રજૂઆત કરેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ  કરવામાં આવે છે.

અરજદારની તા.૨૬–૧૦–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલી  વિગતો અંગે જરૂર જણાયે ત્રાહિતને લગતી માહિતી અંગે આરટીઆઈ કાયદાની કલમ–૧૧ હેઠળની પ્રક્રિયા અનુસરી  અરજદારની મુળ અરજીઓના પરિપ્રેક્ષ્યમાં આપવા યોગ્ય માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬)  હેઠળ વિના મુલ્યે દિન–૧૫ માં અત્રેની જાણ હેઠળ પુરી પાડવા  કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ :   –૨ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન) ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી અરૂણ બાબુરાવ કોષ્ટી ,